| | | |
|---|---|---|
| | કેસ કમીટ થઇ આવ્યા તારીખ | ૦૬/૧૦/૨૦૨૫ |
| | નોંધ્યા તારીખ | ૨૦/૦૧/૨૦૨૬ |
| | નિર્ણય તારીખ | ૦૧/૦૪/૨૦૨૬ |
| | સમય ગાળો | **વર્ષ–માસ–દિવસ** |
| | | ૦૧–૦૨–૧૨ |

**સ્પેશ્યલ કોર્ટ (ઈલેકટ્રીસીટી) અને બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. કોડીનાર.**

**સ્પેશ્યલ ઈલેકટ્રીસીટી કેસ નં.૦૪/૨૦૨૬**
**આંક–૩૦**

**ફરિયાદી :-** **શ્રી સરકાર**

**:: વિરુધ્ધ**

| **આરોપી** | **ઉ.વ.** | **ધંધો** | **રહેવાસી** |
|---|---|---|---|
| જયસુખભારથી વજુભારથી ગૌસ્વામી | ૬૨ | નિવૃત | અરણેજ નવાપરા વિસ્તાર, તા.કોડીનાર. |

**ગુન્હો :– ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ – ૧૩૫ મુજબ.**

એડવોકેટસ :-

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ.

આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એ.એમ.નકવી.

## –: ઠ રા વ :–

**(૧)** આરોપી વિરૂધ્ધ જી.યુ.વિ.એન.એલ. જુનાગઢના પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.સેકન્ડ ૨૦૬૨/૨૦૧૯ થી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એક્ટ–૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબના ગુન્હાનું તહોમતનામું દાખલ થયેલ છે. આ ઈલેક્ટ્રીસીટી સ્પેશીયલ કેસમાં આરોપી મજકુર ગુનાના તહોમતનો સામનો કરી રહેલ છે.

**(૨)** **ફરિયાદપક્ષના કેસની ટુંકી હકીકત :–**

આરોપી વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતા ગઈ

તા.૦૯/૧૧/૨૦૧૯ ના રોજ પોતાના મકાનની નજીકમાંથી પસાર થતી હળવા દબાણની વીજ લાઈનના પોલ પરથી સર્વિસ વાયર આશરે ૨૫ મીટર જેટલો જોડી પોતાના મકાન સુધી લંબાવી કરી આંકડીયા નાખી બિન અધિકૃત રીતે ઘર વપરાશ હેતુસર વીજ પાવર મેળવી રૂ.૫૦૪૧૨/૨૧ ની વિજચોરી કરી તથા કંપાઉન્ડીંગ ચાર્જ રૂ.૩૦૦૦/૦૦ નહી ભરી પ્રથમ વખતનો ગુન્હો કરેલ હોય, જે વીજ ચોરીનું બીલ આરોપીએ ભરેલ નહી જેથી તેમને નોટીસ આપવામાં આવેલ તેમ છતા તેમણે વીજ ચોરીના બીલની રકમ ભરેલ નહી. આમ કરી આરોપીએ ધી ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવા અન્વયેની ફરિયાદના આધારે આરોપી વિરૂધ્ધ જુનાગઢ, જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન માં ગુન્હા રજીસ્ટર નંબર–સેકન્ડ ૨૦૬૨/૨૦૧૯ થી ગુન્હો દાખલ થયેલ.

(૩) ફરિયાદીની ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે આરોપીની ધરપકડ કરેલી. આરોપીએ તેમના જામીન રજુ કરતા તેમને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ. તપાસ કરનાર અમલદારે તપાસનો હુકમ, અસલ એફ.આઈ.આર., સ્થળ રોજકામ, એનેક્ષર–૪ વિગેરે પુરાવાઓ એકત્ર કર્યા બાદ ચાર્જશીટ તૈયાર કરી કોડીનારના એડી.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં દાખલ કરવામાં આવેલ. જેને ફો.કે.નં.૧૮૫૬/૨૦૨૫ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

(૪) આરોપી વિરૂધ્ધના ધી ઈલેકટ્રીસીટી એક્ટ–૨૦૦૩ની કલમ–૧૩૫ મુજબના ગુનાનો કેસ ચલાવવાની સત્તા ફક્ત સત્ર (સ્પેશીયલ) અદાલતને હોય વિધ્વાન એડી.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીએ સદર કેસ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ હેઠળ કમીટલ હુકમથી કમીટ કરી અત્રેની અદાલત તરફ આગળની કાર્યવાહી સારૂ મોકલી આપેલો. ત્યારબાદ સદર કેસને અત્રેની અદાલત દ્વારા ઈલેકટ્રીસીટી કેસ નં.૦૪/૨૦૨૬ આપવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આરોપી હાજર થતા આરોપીને પોલીસ તપાસના કાગળો ની નકલો મળી ગયા બાબતની ખાતરી કરી **આંક–૯** થી આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી, **આંક–૧૦** થી તેમની પ્લી/નિવેદન લેવામાં આવેલ છે.

## :: તહોમતનામુ ::

**આરોપી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડના ગ્રાહક ન હોવા છતા આરોપીએ પોતાના મકાનની નજીકમાંથી હળવા દબાણની વીજ લાઈનના પોલ ઉપરથી આશરે ૨૫ મીટર જેટલા સર્વિસ વાયરનું જોડાણ કરી ઘર વપરાશના હેતુ ગેરકાયદેસર રીતે વિધુત પાવરનો વપરાશ કરી, રૂ.૫૦૪૧૨.૨૧ પૈસાની વીજ ચોરી કરતા તા.૦૯/૧૦/૨૦૧૯ ના રોજ વીજ કંપનીના અધિકારી/કર્મચારીઓના ચેકીંગ દરમ્યાન પકડાઈ જઈ અને વીજ ચોરીનું પુરવણી બીલ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ વીજ કંપનીને ભરપાઈ નહી કરી, આ અદાલતની હકુમતમાં ધ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.**

ઉપર મુજબનું તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી **આંક–૧૦** થી આરોપીનો જવાબ/પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમને ગુન્હો કબુલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા માટે તેમના પુરાવા રજુ કરવા સારૂ રાખવામાં આવેલ.

(૬) ફરિયાદપક્ષ તરફે આરોપી સામેનો આરોપ નિઃશંકપણે પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

## –: મૌખિક પુરાવાઓ :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| **:૧:** | સાહેદ નં.૧ ફરિયાદી જશુભાઈ ભીખાભાઈ બારડની જુબાની | **૧૩** |
| **:૨:** | સાહેદ નં.૨ પંચ સાહેદ વીપુલભાઈ ઉકાભાઈ શીંગડની જુબાની | **૧૯** |
| **:૩:** | સાહેદ નં.૩ પંચ સાહેદ રાજેશગીરી અમૃતગીરી ગૌસ્વામીની જુબાની | **૨૧** |
| **:૪:** | સાહેદ નં.૪ ત.ક.અ. હરિસિંહ બચુભા બાબરીયાની જુબાની | **૨૨** |

## –: દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| :૧: | અસલ ફરિયાદ | ૧૪ |
| :૨: | પુરવણી બીલની નોટીસ | ૧૫ |
| :૩: | પુરવણી બીલ | ૧૬ |
| :૪: | કેલ્કયુલેશન શીટ | ૧૭ |
| :૫: | વીજ તપાસણી અહેવાલ | ૧૮ |
| :૬: | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૨૦ |
| :૭: | તપાસનો ડેપ્યુટ હુકમ | ૨૩ |
| :૮: | અસલ એફ.આઈ.આર. | ૨૪ |
| :૯: | સ્થળ રોજકામ | ૨૫ |
| :૧૦: | એનેક્ષર–૪ | ૨૬ |
| :૧૧: | ગેટપાસ | ૨૭ |
| :૧૨: | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૨૮ |

(૭) ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૨૯ થી પુરાવો બંધ કર્યાની કલોઝીંગ પુરસીસ રજુ કરેલી છે. ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમની હાજરી તથા સાંભળતાં લેવામાં આવેલાની વાત સાચી હોવાનું જણાવેલ છે. વિશેષમાં અમો નિર્દોષ છીએ. એમોએ કોઈ પાવરચોરી કરી નથી. કંપની દ્ધારા ટાર્ગેટ પુરા કરવા ખોટો કેસ કરેલ છે. અમો વયોવૃધ્ધ ઉંમરના છીએ. અમારી ઉપર દયા રાખી નિર્દોષ છોડી મુકવા અરજ છે. તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો નથી અને તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી તેવું જણાવેલ છે.

(૮) ફરિયાદપક્ષનો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.કે.ગોહેલ તથા આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એ.એમ.નકવીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) ફરિયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.કે.ગોહેલ મુખ્યત્વે રજુઆત કરતા જણાવેલ છે કે, બનાવ સમયે વીજ કંપનીના જુનીયર ઈજનેરશ્રીઓ તથા અન્ય કર્મચારીઓએ આરોપીના મકાનનું વીજ ચેકીંગ કરેલ ત્યારે આરોપીએ વીજ કંપની તરફથી વીજ કનેકશન મેળવેલ ન હતુ. તેમ છતા પોતાના આર્થીક લાભ સારૂ તેમના મકાનની બાજુમાં આવેલ ઈલેકટ્રીક લાઈનના પોલ ઉપરથી સર્વીસ વાયર આશરે ૨૫ મીટર જેટલો જોડી પોતાના મકાન સુધી લંબાવી કરી આંકડીયા નાખી બિન અધિકૃત રીતે ઘર વપરાશ હેતુસર વીજ પાવર મેળવી **રૂા.૫૦૪૧૨/૨૧** ની વીજ ચોરી કરેલી હોવાનુ જણાતા **રૂ.૩૦૦૦=૦૦** કમ્પાઉન્ડીંગ ચાર્જના મળી કુલ **રૂા.૫૩૪૧૨.૨૧/-** પૈસાનુ બીલ આપવામાં આવેલ હતુ જે બીલની રકમ આરોપીએ ભરેલ નથી. ફરિયાદપક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે પુરવાર થયેલ છે કે આરોપીએ તેમના રહેણાંકના મકાને ગેરકાયદેસર રીતે વીજ વાયર વીજ કંપનીની હળવા દબાણની લાઈનમાં જોડી બિનઅધિકૃત રીતે વીજ વપરાશ કરી વીજચોરી કરેલ છે અને તે રીતે આરોપી સામે ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર થાય છે અને તેથી આરોપીને કસુરવાર ઠરાવવા જોઈએ. તેઓએ અંતમાં જણાવેલ છે કે વીજચોરી સામાજિક દૂષણ સમાન છે અને વીજચોરીનો ગુન્હો સામાજિક અને આર્થિક ગુન્હો રહેલો છે અને તેથી વીજચોરી કરનાર લોકોને કાયદાથી નિધારીત મહત્તમ સજા કરવી જોઈએ. જેથી આવા ગુન્હા આચરનાર અન્ય લોકોને પ્રોત્સાહન ન મળે.

(૧૦) સામા પક્ષે વિધ્વાન વકીલ શ્રી એ.એમ.નકવીએ મુખ્યત્વે રજુઆત કરતા જણાવેલ છે કે, ફરિયાદી લખાવવા તેઓ જાતે પોલીસ સ્ટેશન ગયેલ નથી. ફરિયાદીએ તેમની ફરિયાદ સાથે આ ચેકીંગ વાળા સ્થળની માલીકી કે કબજાના કોઈ દસ્તાવેજી આધારો રજુ કરેલા નથી તેમજ આ કામનો કહેવાતો કોઈ મુદ્દામાલ પણ ફરિયાદ સાથે પોલીસ સ્ટેશનમાં મોકલાવેલ નથી. ફરિયાદ પક્ષ ધ્વારા આખા કેસમાં આ વીજ ચોરી વાળી જગ્યા આરોપીની માલીકી કે કબજાની છે તેવું સાબીત કરવા માટે કોઈ પણ લેખિત પુરાવો રજુ કરેલ નથી. તેથી વીજ ચોરી વાળી જગ્યાની માલીકી કબજાની હકીકત સાબીત થતી નથી. ચેકીંગ અધિકારી, ચેકીંગ ટીમના સભ્ય અને ખુદ તપાસ કરનાર અધિકારી તેમના પુરાવાઓમાં તેઓએ આ કામના

ચેકીંગ વાળા સ્થળની માલીકી કે કબજાના કોઈ દસ્તાવેજો મેળવેલ ન હોવાનું સ્વીકારે છે. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ સાબિત થતો નથી. તેમજ ચેકીંગ અધિકારી તેમની જુબાનીમાં વીજ પોલ નંબર જણાવતા નથી. તેઓએ જણાવેલ છે કે, તેવી જ રીતે અન્ય સાહેદ પણ તેમના પુરાવામાં આવા કોઈ વીજ વાયરનું ચોકકસ વર્ણન જણાવતા નથી. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહીં. આ કામે ચેકીંગ અધિકારી ધ્વારા તૈયાર કરવામાં આવેલા દસ્તાવેજોમાં આજુ બાજુના કોઈ સ્વતંત્ર સાહેદોની સહીયો રહેલી નથી અને આવું ચેકીંગ આવા સ્વતંત્ર સાહેદોની હાજરીમાં પણ કરવામાં આવેલ નથી. આ કામે પંચનામાના બંન્ને પંચ સાહેદોએ પણ તેમના પુરાવાઓથી ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સ્વતંત્ર સાહેદો ધ્વારા સમર્થન પ્રાપ્ત થતું નથી. તેઓએ તપાસમાં તથા પંચનામુ કરવામાં થયેલ વિલંબના કારણોની નોંધ તેઓએ કરેલ નથી. તેઓએ ચાર્જશીટમાં કોઈ સ્વતંત્ર સાહેદોના નામ સાહેદ તરીકે દર્શાવેલ નથી. તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કહેવાતા સ્થળની માલીકી અંગેનો એક પણ પુરાવો રજુ થયેલ નથી કે આ કામે રેવન્યુ અધિકારીનું નિવેદન લીધેલ નથી. તપાસ કરનાર અધિકારી તેમની જુબાનીમાં સ્વીકારે છે કે, તેઓએ આ કામે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. આથી પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી. આમ ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોવાથી અરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

**(૧૧) ઉપરોક્ત રજુઆતને લક્ષમાં લેતા આ સ્પેશીયલ કેસના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**મુદ્દાઓઃ**

**૧..** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતા ગઈ તા.૦૯/૧૧/૨૦૧૯ ના રોજ પોતાના મકાનની નજીકમાંથી પસાર થતી હળવા દબાણની વીજ લાઈનના પોલ પરથી સર્વિસ વાયર આશરે ૨૫ મીટર જેટલો જોડી પોતાના મકાન સુધી લંબાવી કરી આંકડીયા નાખી બિન અધિકૃત રીતે ઘર વપરાશ હેતુસર વીજ પાવર મેળવી

રૂ.૫૦૪૧૨/૨૧ ની વિજચોરી તથા કંપાઉન્ડીંગ ચાર્જ રૂ.૩૦૦૦/૦૦ નો પ્રથમ વખતનો ગુન્હો કરેલ હોય, જે વીજ ચોરીનું બીલ આરોપીએ ભરેલ નહી જેથી તેમને નોટીસ આપવામાં આવેલ તેમ છતા તેમણે વીજ ચોરીના બીલની રકમ ભરેલ નહી. આમ કરી આરોપીએ ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબની શીક્ષાનેપાત્ર ગુનો કરેલ છે. ?

**૨..** શું હુકમ ?

**(૧૨) ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.**

**૧.. નકારમાં**

**૨.. આખરી હુકમ મુજબ**

## –: કારણો :–

**(૧૩) મુદા નં.૧::**

આ મુદ્દાની ચર્ચા કરતા પહેલા ઈલેક્ટ્રીસીટી એક્ટ અન્વયે ઘડવામાં આવેલા નિયમો ધ્યાને લેવા જરૂરી બને છે. ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩માં વિજળી સુધારા અધિનિયમઃ૧૩(૧)(૨)(૭) તા.૧૫–૬–૨૦૦૭થી કરવામાં આવેલા સુધારાથી પાવર ચોરી અથવા તો ઈલેક્ટ્રીસીટી ચોરીનો વ્યાપ વધારવામાં આવેલ છે. કોઈ પણ વ્યક્તિ અપ્રમાણીકતાથી મીટર સાથે ચેડા કરે, ચેડા થયેલ મીટરનો ઉપયોગ કરે અથવા તેવું મીટર નાખે, ટ્રાન્સફર્મરનો કરન્ટ ઉંધો કરે, જોડાણમાં છીદ્રો કરે અથવા કોઈ બીજા સાધનો અથવા પધ્ધતીથી યોગ્ય નોંધણી, કેલીબરેશન અથવા કોઈપણ પ્રકારે વીજ કરન્ટ મેળવવામાં કોઈ માન્ય પધ્ધતી સિવાય કાર્યવાહી કરે અથવા તેનો દુરવ્યય કરે.

**(૧૩.૧)** તેવી જ રીતે, કોઈપણ રીતે વિજ મીટરનો નાશ કરે, કે તેના કોઈ સાધનો કે વીજ વાયરનો નાશ કરે કે નુકસાન કરે અથવા નુકસાન થવા મંજુરી આપે અથવા ચેડા પામેલ મીટરનો વિજળી મેળવવા માટે ઉપયોગ કરે અથવા એવા હેતુસર વિજળીનો ઉપયોગ કરે કે જે હેતુને અધિકૃત કરવામાં આવેલ ન હોય ત્યારે આરોપીએ ઈલેક્ટ્રીસીટી એક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો કરેલ છે તેમ કહી શકાય. વળી બીજી વખતનો ગુનો કમ્પાઉન્ડીગને પાત્ર પણ નથી.

**(૧૩.૨)** સજાની જોગવાઈઓ જોઈએ તો ૧૦ કિલોવોટ કરતાં વધારે ન હોય ત્યારે દંડ પ્રથમ સજા પર આવી ચોરીના કારણે નાણાકીય ફાયદા કરતા ત્રણ ગણા કરતા ઓછો ન હોય અને બીજા અથવા ત્યાર પછીની સજામાં લાદવામાં આવેલ દંડ આવી વિજળી ચોરીના કારણે થયેલ નાણાકીય ફાયદા કરતા છ ગણા કરતા ઓછો ન હોય.

**(૧૩.3)** ઈલેકટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની કલમ ૧૩૫ માં પ્રથમ પ્રોવાઈજોથી આરોપી વિરૂધ્ધ અનુમાન પણ દાખલ કરવામાં આવેલ છે. જે અનુમાન પ્રમાણે કોઈ વ્યક્તિ કોઈ આર્ટીફીલ્સ મીન્સ અથવા તો આવા સાધનો સપ્લાયર અથવા બોર્ડ દ્વારા અધિકૃત્ત કરવામાં આવેલા ન હોય અને તેવા સાધનો દ્વારા વિજ પ્રવાહ મેળવતા હોય અથવા તો વિજ ઉપયોગ કરે ત્યાં સુધી, જ્યાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી એવું માની લેવું પડે કે જે તે વ્યક્તિ વિજ પ્રવાહનો અપ્રમાણિકતા થી ઉપયોગ કરતો હતો.

**(૧૩.૪)** ઉપરોક્ત કડક કાનુની જોગવાઈઓ ધ્યાને લેતા ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ-૧૩૫ હેઠળના ગુનાની વિચારણા કરવા સમયે ચેકીંગ અંગેની જે કોઈ કાર્યવાહી, પધ્ધતી હોય તે કાર્યવાહી, પધ્ધતિને જીણવટપુર્વક ફોલો કરવી જોઈએ અને તે કાર્ય પધ્ધતીમાં કોઈપણ તબક્કે ચુક દાખવાય તો તેવી ચુકનો લાભ આરોપીની તરફેણમાં ચોક્કસ રીતે જોવા પાત્ર હોય છે.

**(૧૪)** આ તબક્કે ઈલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ની કલમ-૧૩૫ ના પ્રોવાઈઝોની કલમ વંચાણે લેવી જરૂરી બને છે.

''કલમ-૧૩૫ આ કાયદાની જોગવાઈઓને નુકસાન થયા વિના લાઈસન્સદાર અથવા સપ્લાયરના કિસ્સા મુજબ વિજળીની આવી ચોરી પકડ્યા પર તુર્ત જ વિજળીનો પુરવઠો બંધ કરશે. ''

**(૧૪.૧)** જોગવાઈ કરવામાં આવી છે કે, લાઈસન્સદાર અથવા સપ્લાયરના માત્ર આવા અધિકારી જેમને યોગ્ય પંચ દ્વારા આ હેતુ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય અથવા કિસ્સા પ્રમાણે લાઈસન્સદાર અથવા સપ્લાયરના બીજા કોઈ અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા હોય, જેઓ આવી રીતે અધિકૃત કરવામાં આવેલા દરજ્જા કરતા ઉંચો દરજ્જો ધરાવતા હોય તેઓ વિજળી લાઈનનો પુરવઠો બંધ

કરશે.

**(૧૪.૨)** વધુમાં જોગવાઈ કરવામાં આવી છે કે, કિસ્સા પ્રમાણે સપ્લાયર અથવા લાઈસન્સદારના આવા અધિકારી લેખિતમાં આવા ગુના બાબતમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરશે, જેમને આવી હકુમત હોય અને આવો પુરવઠો બંધ કર્યાના ૨૪ કલાકમાં આવી ફરિયાદ કરવાની રહેશે.

**(૧૪.૩)** એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે, કિસ્સા મુજબ લાઈસન્સદાર અથવા સપ્લાયર આ કાયદાની જોગવાઈઓને અનુરૂપ વિજળી ખર્ચાઓ અથવા આકારેલી રકમના ચુકવણાં અથવા જમાં કર્યા પર ખંડની બીજી જોગવાઈમાં ઉલ્લેખ કરેલ ફરિયાદ દાખલ કરવાની ફરજને પુર્વગ્રહ થયા વિના આવા ચુકવણા કે જમાં કર્યાના ૨૪ કલાકમાં વિજળી લાઈનનો પુરવઠો પુનઃ ચાલુ કરશે.

**(૧૪.૪)** ઉપરોક્ત પ્રોવાઈજો વંચાણે લેતા ઈલેકટ્રીસીટી સપ્લાયર જેવા અધિકારીઓ જેમને યોગ્ય પંચ દ્વારા આ હેતુ માટે અધિકૃત કરવામાં આવ્યા હોય અથવા જે તે કિસ્સા પ્રમાણે લાઈસન્સદાર અથવા સપ્લાયરના બીજા કોઈ અધિકારીને અધિકૃત્ત કરવામાં આવ્યા હોય, જેઓ આવી રીતે અધિકૃત્ત કરતા ઉંચો દરજ્જો ધરાવતા હોય તે વિજળી લાઈનનો પુરવઠો બંધ કરશે અથવા કરી શકશે અને તેવો પુરવઠો બંધ કર્યા બાદ જેમને હકુમત હોય તેવા પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાકમાં ફરિયાદ કરવાની રહેશે.

**(૧૫)** ઉપરોક્ત કાનુની જોગવાઈઓ ધ્યાને લીધા બાદ હાલના કેસમાં ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો સદર કામે ગુનાની ફરિયાદ નોંધાવનાર **ફરિયાદી જશુભાઈ ભીખાભાઈ બારડને સાહેદ નં.૧ તરીકે આંક-૧૩ થી** ફરિયાદપક્ષે તપાસેલા છે. સદર ફરિયાદી એ હાલના કામે ચેકીંગ ડ્રાઈવના સભ્ય પણ છે.

**(૧૬)** ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ જશુભાઈ ભીખાભાઈ બારડ કે જે ચેકીંગ ડ્રાઈવના સભ્ય છે તેઓના જુનિયર ઈજનેર કે.એ.રાઠવા અને ઈલેકટ્રીકલ આસીસટન્ટ શ્રી એસ.આર.ચૌહાણ અરણેજ ગામમાં વીજ ચેકીંગ માટે ગયેલા ત્યારે જયસુખભારતી વજુગીરી ગૌસ્વામીના રહેણાંક મકાને વીજ ચેકીંગ કરતા તેઓ

તેઓની વીજ કંપનીના કાયદેસરના ગ્રાહક ન હોવા છતા આરોપીએ તેમના વીજ કંપનીની હળવા દબાણની વીજ લાઈનના પોલ ઉપરથી ૨૫ મીટરનો સર્વીસ વાયર જોડી ઘર વપરાશના હેતુ માટે પાવર ચોરી કરતા પકડાયેલા, ત્યારે ચેકીંગ અધિકારી દ્વારા સ્થળ ઉપર ચેકીંગશીટ, રોજકામ અને એનેક્ષર-૪ ભરેલું અને ૧૫ મીટર સર્વીસ વીજ વાયર કબ્જે કરેલ. જે બાદ તેઓએ ઓફીસ પર આવી આ દસ્તાવેજો તથા કબ્જે લીધેલ વાયર તેઓની કચેરીમાં જમા કરાવેલ. તેઓએ વીજ ચોરી અંગે ગણતરી કરી તૈયાર કરી કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ ફરિયાદ ફરિયાદી ધ્વારા આપવામાં આવેલ, તેઓએ  આરોપીને પુરવણી બીલની નોટીસ, પુરવણી બીલ અને કેલ્કયુલેશન શીટ આપેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ તેઓ વીજ ચેકીંગ સમયે તેઓ ચેકીંગવાળ સ્થળે હાજર ન હતા. અને તેઓની હાજરીમાં ચેકીંગ થયેલ નથી. વીજ ચેકીંગ અંગે તેઓને કોઈ જાત માહીતી નથી. ફરિયાદ સાથે ચેકીંગવાળા સ્થળની માલીકી કબ્જા અંગેના કોઈ દસ્તાવેજો આધાર રજુ કરેલા નહી અને આવા દસ્તાવેજો તપાસેલા પણ નહી. તેઓએ જણાવેલ ૧૫ મીટર જેવા વાયર બજારમાં સહેલાતથી મળી રહે છે.

**(૧૭)** સદર કામે આંક-૨૦ વાળા સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ નં.૨ વીપુલભાઈ ઉકાભાઈ શીંગડ ને આંક-૧૯ થી અને પંચ સાાહેદ નં.૩ રાજેશગીરી અમૃતગીરી ગૌસ્વામીને આંક-૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમનાના પુરાવાઓથી આ પંચનામાની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી. આ બંન્ને પંચ સાહેદોના પુરાવાઓથી આ પંચનામાના કથનો પુરવાર થતા નથી. આ પંચનામાના આ બંન્ને પંચ સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીઓમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓએ તૈયાર લખાણમાં તેમની સહીઓ કરેલી અને તે લખાણ તેઓએ વાંચેલ નહી. કઈ બાબતનું લખાણ હતુ તેની તેઓને ખબર નથી.

**(૧૮)** ફરિયાદપક્ષ તરફે આ ગુનાના તપાસ કરનાર અમલદાર હરિસિંહ બચુભા બાબરીયાને સાહેદ નં.૪ તરીકે આંક-૨૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. તા.૦૯ / ૧૦ / ૨૦૧૯ ના રોજ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જુનાગઢ ખાતે ગુ.ર.નં.૨૦૬૨/૨૦૧૯ થી ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫

મુજબનો ગુન્હો નોંધાયેલો અને તેની તપાસ પી.એસ.ઓ.શ્રી કે.એમ.પરમાર દ્વારા તેઓને સોંપવામા આવેલ, તેઓએ તપાસ સંભાળ્યા બાદ કાગળોનો અભ્યાસ કરેલો અને ત્યારબાદ તેઓએ આ કામે બે પંચોને સાથે રાખી કોડીનાર તાલુકાના અરણેજ ગામે આરોપીના રહેણાંક મકાને બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ, પંચનામા સમયે સ્થળેથી તેઓએ કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નહી, પંચનામા સમયે આજુબાજુ વાળાના નિવેદનો નોંધેલા, આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ત્યારબાદ આ કામનો મુદ્દામાલ પી.જી.વી.સી.એલ. સબ ડીવીઝન–૨ કોડીનાર ખાતે જમા હોય તે અંગેની મુદ્દામાલ પાવતી તૈયાર કરી અને આ કામે સામેલ રાખેલ, તેઓની તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ આરોપી વિરુધ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરેલુ અને ચાર્જશીટ સાથે આરોપીને કોર્ટમાં રજુ કરેલા, તેઓએ ચાર્જશીટ સાથે આરોપી પાસેથી મેળવેલ આધારકાર્ડની નકલ રજુ કરેલ. તેઓએ કોર્ટમાં હાજર આરોપીને ઓળખી બતાવેલ. પરંતુ તેમની બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસ ધ્યાને લેતા, ગુન્હો તા.૦૯/૧૦/૨૦૧૯ ના રોજ બનેલો છે અને તેઓએ સાહેદોના નિવેદનો તા.૨૪/૦૭/૨૦૨૫, ૩૧/૦૭/૨૦૨૫ ના રોજ લીધેલ છે. જયારે બનાવવાળી જગ્યાનું પંચનામુ ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ કરેલ છે. આમ તપાસમાં તથા પંચનામુ કરવામાં વિલંબના કારણોની કોઈ નોંધ સદર સાહેદ ધ્વારા કરવામાં આવેલ નથી. પંચનામામા બનાવના સ્થળે કોઇ વીજ ઉપકરણોના પોઇન્ટ કે વીજ ઉપકરણો જણાયેલ નહી કે કોઈ ઉપકરણો કબજે કરેલ નહી. બનાવવાળી જગ્યાની આસપાસ બીજા રહેણાંક મકાનો આવેલ છે અને આજુબાજુના લોકોએ બનાવને સમર્થન આપેલ નથી. ફરિયાદીએ તેમની ફરિયાદમાં કેવો અને કયા કલરનો વાયર હતો તે દર્શાવેલ નથી. ચેકીંગવાળા સ્થળની માલીકી કે કબજા ભોગવટાના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ તેઓએ તપાસના કામે મેળવેલ નથી . આરોપીની માલીકી દર્શક રેવન્યુ દસ્તાવેજો તેઓએ તપાસ દરમિયાન મેળવેલ નથી. ચાર્જશીટના કોલમમાં કોઇ સ્વતંત્ર સાહેદના નામ સાહેદ તરીકે દર્શાવેલ નથી. આ કામે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી.

(૧૯) ના.વડી અદાલતે આવા કેસોમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને

લેતા, **2025 (0) AIJEL–HC 251592 Banabhai Ramsangbhai Revar Versus State Of Gujarat**

*(a) Electricity Act, 2003 - S. 135 - theft of electricity* - challenge to conviction and sentence under S. 135 of the Electricity Act, 2003 - appellant convicted for illegal use of electricity based on testimonies and documentary evidence presented during trial - Held, prosecution failed to establish reliable proof regarding commission of offence as required under S. 135 - discrepancies in evidence and lack of corroboration rendered conviction unsustainable - appeal allowed, judgment set aside, and appellant acquitted of all charges. (Paras 1, 10, 11)

*(b) Electricity Act, 2003 - S. 135 - burden of proof* - improper burden placed on accused during trial proceedings - trial court's reliance on presumption rather than concrete evidence led to erroneous conviction - Held, burden to prove illegal use or tampering with electricity lies with prosecution; failure to provide sufficient evidence shifts burden back to prosecution - trial court's conclusion was flawed due to lack of supporting material and proper procedure during inspection. (Paras 9, 10)

*(c) Electricity Act, 2003 - S. 135(1) - procedural requirements* - failure to adhere to procedural mandates in conducting inspections and filing complaints under S. 135(1) - Held, mandatory provisions regarding timely complaint registration and proper documentation were not followed; absence of necessary seizure lists or corroborative documents undermined the prosecution's case significantly. (Paras 8)

*(d) Evidence Act, 1872 - corroboration requirement* - lack of corroborative evidence between witness testimonies and documentary records presented at trial - Held, inconsistencies between witness statements and documentary evidence rendered the prosecution's case weak; absence of corroborative proof necessitated acquittal as reasonable doubt existed regarding guilt. (Paras 4, 6)

**(૨૦)** હવે, બનાવ વખતે આરોપી પોતાના આર્થીક લાભ સારૂ બીન અધિકૃતરીતે વીજ વપરાશ કરતા ચેકીંગ દરમિયાન તપાસમાં મળી આવેલા તે

હકીકત અંગે તપાસ કરનાર અમલદારનો વધુ પુરાવો જોઈએ તો તેમાં ઘણી ક્ષતીઓ જોવા મળેલ છે. તે જોવામાં તે જોવામાં આવે તો (૧) તપાસમાં તથા પંચનામુ કરવામાં થયેલ વિલંબના કારણોની કોઇ નોંધ તેઓએ કરેલ નથી. (૨) ફરિયાદ સાથે કોઇ ચેકીંગવાળા સ્થળની માલકી કે કબજા ભોગવટાના કોઇ દસ્તાવેજી આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ તેઓને તપાસના કામે મળેલ નહી કે તેઓએ મેળવેલ નથી. (૩) તેઓએ રજુ કરેલા ચાર્જશીટના કોલમમાં કોઇ સ્વતંત્ર સાહેદના નામ સાહેદ તરીકે દર્શાવેલ નથી. (૪) તેઓએ આ કામે કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી. આ પ્રકારની ક્ષતીઓ બાબતે સાહેદે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. તેવા સંજોગોમાં આ સાહેદનો પુરાવો કે કાયદાકીય અનુમાન આરોપી સામેના કેસમાં કોઈપણ રીતે ફરિયાદપક્ષને મદદરૂપ બનતુ હોવાનુ કહી શકાય નહી.

**(૨૧)** વીજ ચોરીના ગુનાવાળુ મકાન આરોપીની માલીકીનુ હતુ તે દર્શાવવા ફરિયાદપક્ષ તરફથી કોઇ દસ્તાવેજી આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ તેઓએ મેળવેલ નથી. આમ બનાવ સમયે બનાવવાળી જગ્યા આરોપીની માલીકી કબજા ભોગવટા ની હતી કે કેમ તે અંગે કોઇ સ્પષ્ટ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી કે સાહેદોને તપાસવામાં આવેલ નથી. ફરિયાદપક્ષ તરફથી તેમણે ચેકીંગ કરેલ મકાન આરોપીના નામનું હતું તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. કોઈ ટાઈટલ દસ્તાવેજો ફરિયાદપક્ષે પુરાવામાં મેળવેલ હોય કે તેવા દસ્તાવેજો તપાસ કરનાર અધિકારીને સોંપેલ હોય તેવું સાબિત થતુ નથી. વળી સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા કોઈ સ્વતંત્ર સાહેદ રેઈડની કામગીરીમાં સામેલ નથી. વીજ ચેકીંગની કાર્યવાહીની વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવી આજ્ઞાત્મક છે પણ તેવી કોઈ ફોટોગ્રાફી રજુ થયેલ નથી. જે ખરેખર વીજ ચેકીંગ ઉપર શંકા દર્શાવે છે.

**(૨૨)** ઉપરોક્ત તમામ હકીકત લક્ષમાં લેતા ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલા હોય મુદ્દા નં.૧ નો જવાબ "**નકાર**"માં આપવામાં આવે છે જ્યારે મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

# -: હુ ક મ :-

**:૧:** આરોપી જયસુખભારથી વજુભારથી ગૌસ્વામી, રહે.અરણેજ નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫ (૧) અન્વયે ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબની શીક્ષાને પાત્ર ગુન્હામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**:૨:** આરોપીના જામીનખત રદ્ઘ કરવા.

**:૩:** આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબ આ ચુકાદા વિરૂધ્ધ કોઈ અપીલ, રીવીજન કે અન્ય પ્રોસીડીંગ અથવા તો તેમાં હાજર રહેવા માટે રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાત મુચરકા અને તેટલીજ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી આ સેશન્સ કેસ દરમિયાન આરોપીના લેવાયેલા જામીન રદ થયેલા ગણાશે.

**:૪:** આરોપીના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) મુજબ લેવાયેલા આ જામીનની સમય મર્યાદા ૬ માસ સુધીની રહેશે.

**:૫:** મુદ્દામાલ જો કોઈ હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૧ લી, માહે : એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬.
સ્થળઃ કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ,
કોડીનાર.
**[કોડ નંબર-જી.જે.૦૦૭૧૦]**